પ્રશ્નપુસ્તિકા શ્રેણી

# M

# PJC

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

| | |
|---|---|
| સમય : 1 કલાક | Time : 1 Hour |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

## સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં

M

**ઉમેદવારોને સુચના :**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઇ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે **OMR** ઉત્તરપત્રમાં વિકલ્પ **E** આપેલ છે. બધાજ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. **આ સાથે અલગ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ

(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં**

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ “C” છે. આથી “C” નું વર્તુળ ઘાટુ **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટુ કરવા બાબતની સૂચના **OMR** ની પાછળ આપેલ છે જેની નોંધ લેવી.

(2) **1 થી 100** પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી ગુનાને પાત્ર બનશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) ઉમેદવારે પોતાના બેઠક ક્રમાંકની પ્રશ્નપુસ્તિકા અને **OMR** ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળે કે તરત જ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્રમાંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે. તેમજ બેઠક ક્રમાંક નીચે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. મળેલ પ્રશ્નપત્રની શ્રેણી નિયત જગ્યાએ લખીને તેની સાથે શ્રેણી માટે આપેલ વર્તુળ પણ ઘાટુ **(encode)** કરવાનું રહેશે. લખેલી વિગતો અને ઘાટુ **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

(5) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઇનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબદીઠ, **OMR** ની પાછળ જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ **0.33** ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટુ **(encode)** કરશે તો 0.33 ગુણ કાપવામાં આવશે નહીં.

(II) જવાબચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો મંડળ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (1) ગુણ મળવાપાત્ર થશે.

(6) OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે તથા ભવિષ્યની પરીક્ષાઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મુકવા પગલાં લેવામાં આવશે.

(7) OMR ઉત્તરપત્રના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી તથા ઉમેદવારના ડાબા હાથના અંગુઠાનું નિશાન ફરજિયાત છે. ઉમેદવારની સહી તથા ડાબા હાથના અંગુઠાના નિશાન વિનાની OMR “અમાન્ય” ગણી તપાસાશે નહીં, જેની જવાબદારી ઉમેદવારની રહેશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મુકવા પગલાં લેવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઇ ગેરરીતિ કરવી તે ગેરશિસ્ત ગણાશે તેમજ પગલાં લેવાશે.

(10) ઉમેદવારે વાદળી / કાળી બોલ પોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા પૂરી થયા બાદ OMR ઉત્તરપત્ર વર્ગ નિરીક્ષકને સોંપ્યા બાદ વર્ગખંડ નિરીક્ષક દ્વારા વર્ગખંડ છોડવાની સૂચના મળે ત્યારબાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે તેમજ ભવિષ્યની પરીક્ષાઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવા પગલાં લેવામાં આવશે.**

સરકારી ભરતી અને study મટીરીયલના WhatsApp group માં Add થવા અમારા નંબર 9429213312 પર WhatsApp માં મેસેજ કરો.

સરકારી ભરતી અને study મટીરીયલના WhatsApp group માં Add થવા અમારા નંબર 9429213312 પર WhatsApp માં મેસેજ કરો.

1. 'કેલિડોસ્કોપ' નામની પ્રસિદ્ધ કટાર તથા આ જ નામની પુસ્તકશ્રેણીના તાજેતરમાં અવસાન પામેલા લેખકનું નામ જણાવો.

(A) ભગવતીકુમાર શર્મા (B) ભૂપત વડોદરિયા

(C) મોહમ્મદ માંકડ (D) ઉમાશંકર જોશી

2. ગુજરાત પોલીસની ઇ-એફઆઈઆર સેવા અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) આ સેવા હેઠળ કોઈ પણ ગુનાની એફઆઈઆર ઓન લાઇન દાખલ કરી શકાય છે.

(2) આ સેવા હેઠળ તમામ પ્રકારના ચોરીના ગુનાની એફઆઈઆર ઓન લાઇન દાખલ કરી શકાય છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બન્નેમાંથી એક પણ નહીં

3. ગુજરાતનાં ઇતિહાસ વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) વનરાજ ચાવડાએ અણહિલવાડ પાટણની સ્થાપના કરી હતી.

(2) પાટણની રાણીની વાવ મીનળદેવીએ બંધાવેલ હતી.

(3) જૂનાગઢના શાસક રા' ખેંગારની દીકરી ઉદયમતીનાં લગ્ન ભીમદેવ પહેલા સાથે થયાં હતાં.

(4) મૂળરાજ સોલંકીએ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથની રચના કરાવી હતી.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 2 અને 4 (D) ફક્ત 1 અને 3

4. સંસ્થા અને સ્થાપક વિષે નીચેનાં જોડકાં ધ્યાને લો:

| સંસ્થા | | સ્થાપક |
|---|---|---|
| 1. રામકૃષ્ણ મિશન | – | સ્વામી રામકૃષ્ણ પરમહંસ |
| 2. રહનુમાઈ મઝદાયસન સભા | – | ફુરદોનજી નવરોજી |
| 3. બ્રહ્મ સભા | – | રાજા રામમોહન રાય |

ઉપરના જોડકાં પૈકી કયાં જોડકાં સાચાં છે? SPACE FOR ROUGH WORK

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

5. જોડકાં જોડો.

| ભાગ | સમાવિષ્ટ બાબત |
|---|---|
| 1. ભાગ - 3 | ક. મૂળભૂત અધિકારો |
| 2. ભાગ - 4 | ખ. મૂળભૂત ફરજો |
| 3. ભાગ - 4A | ગ. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો |
| 4. ભાગ - 5 | ઘ. કેન્દ્ર સરકાર |

બંધારણનો ભાગ અને તેમાં સમાવિષ્ટ બાબતને જોડતાં નીચેનાં જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) 1-ઘ, 2-ગ, 3-ખ, 4-ક (B) 1-ક, 2-ઘ, 3-ખ, 4-ગ

(C) 1-ક, 2-ખ, 3-ગ, 4-ઘ (D) 1-ક, 2-ગ, 3-ખ, 4-ઘ

6. જોડકાં જોડો.

| પુસ્તકાલય | જિલ્લો |
|---|---|
| 1. લેન્ગ લાઇબ્રેરી | ક. સુરત |
| 2. મા. જે. પુસ્તકાલય | ખ. રાજકોટ |
| 3. શ્રી સયાજી વૈભવ પુસ્તકાલય | ગ. અમદાવાદ |
| 4. નર્મદ લાઇબ્રેરી | ઘ. નવસારી |

પુસ્તકાલય અને તે જે જિલ્લામાં આવેલ છે તેને જોડતાં નીચેનાં જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) 1-ખ, 2-ગ, 3-ઘ, 4-ક (B) 1-ગ, 2-ખ, 3-ઘ, 4-ક

(C) 1-ખ, 2-ગ, 3-ક, 4-ઘ (D) 1-ગ, 2-ખ, 3-ક, 4-ઘ

7. એક ખેડૂતને પોતાના પિતાની 100 વિઘા જમીનમાંથી પાંચ ભાઈઓ-બહેનો વચ્ચે સરખા ભાગે વહેંચણી થતાં તેના ભાગની જમીન મળી ત્યાર બાદ તેણે 4 વિઘા જમીન નવી ખરીદી, ત્યાર બાદ તેની પાસેની કુલ જમીન પૈકી 2/3 જમીન તેણે તેના સંતાનોને આપી દીધી તો તેની પાસે કેટલી જમીન બાકી રહેશે?

(A) 8 વિઘા
(B) 12 વિઘા
(C) 16 વિઘા
(D) 24 વિઘા

8. When I came to my cave, I ran inside it, as if I was _________.
(A) chased
(B) being chased
(C) be chased
(D) having chased

9. They were all ____ the same way and all of them _______ beards of various shapes and colours.
(A) dress, have
(B) dressed, have
(C) dress, had
(D) dressed, had

10. 'હતો નરસિંહ , હતી મીરાં , ખરાં ઈલ્મી, ખરાં શૂરાં' -આ ઉક્તિ કોની છે?
(A) કાન્ત
(B) મણિલાલ દ્વિવેદી
(C) કલાપી
(D) આનંદશંકર ધ્રુવ

11. જુદા પડતા રૂઢિપ્રયોગનો વિકલ્પ પસંદ કરો .
(A) પેટ પાટણ જવું
(B) પેટ દાબીને રહેવું
(C) પેટમાં આગ ઊઠવી
(D) પેટ પેટલાદ જવું

12. ઉત્તરથી દક્ષિણ તરફ જતાં નીચેની પૈકી પર્વતમાળાનો કયો ક્રમ સાચો છે?
(A) સહ્યાદ્રી, શિવાલિક, વિધ્યાચલ, અરવલ્લી
(B) અરવલ્લી,વિધ્યાચલ, સહ્યાદ્રી, શિવાલિક
(C) વિધ્યાચલ, અરવલ્લી, સહ્યાદ્રી, શિવાલિક
(D) શિવાલિક, અરવલ્લી, વિધ્યાચલ, સહ્યાદ્રી

13. 1857ના વિપ્લવ વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો.
(1) વિપ્લવની શરૂઆત 10 મે 1857ના રોજ મેરઠથી થઈ.
(2) મેરઠમાં વિપ્લવ ફાટી નીકળ્યો તે પૂર્વે બરાકપૂરમાં મંગલ પાંડે શહિદ થયા હતા
ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બન્નેમાંથી એક પણ નહીં

14. ભારતીય સંસદીય પ્રણાલી અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મંત્રીમંડળ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ માત્ર લોકસભામાં જ પસાર થઈ શકે.

SPACE FOR ROUGH WORK

2. રાષ્ટ્રપતિ રાજયસભાના સભ્ય હોવા જોઈએ.

3. વડાપ્રધાન લોકસભાના સભ્ય હોવા જોઈએ.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

15. ભારતમાં કુદરતી વાયુ અને ખનીજ તેલ કયાં કયાં રાજ્યોમાં મળે છે?

1. ગુજરાત

2. આસામ

3. મહારાષ્ટ્ર

4. આંધ્ર પ્રદેશ

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

16. પર્યાવરણને બચાવવાના હેતુ માટે આંતરરાષ્ટ્રીય પ્રયનો સંબંધિત નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બોન સંમેલન વન્ય પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ પરત્વેનું સંમેલન છે.

2. સ્ટોકહોમ સંમેલન સતત કાર્બનિક પ્રદૂષકો (Persistent Organic Pollutants) પરત્વેનું સંમેલન છે.

3. મોન્ટ્રીયલ પ્રોટોકોલ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા માટેનો આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ છે.

4. ક્યોટો પ્રોટોકોલ.ઓઝોન સ્તરને ક્ષીણ કરનારા પદાર્થો પરત્વે આંતરરાષ્ટ્રીય પર્યાવરણ પ્રોટોકોલ છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4

M

17. એક વર્ગમાં 20 છોકરા અને 30 છોકરીઓ ભણે છે. છોકરાઓની સરેરાશ ઊંચાઈ 150 સેન્ટીમીટર તથા છોકરીઓની સરેરાશ ઊંચાઈ 145 સેન્ટીમીટર છે. આખા વર્ગનાં છોકરા- છોકરીઓની સરેરાશ ઊંચાઇ કેટલી હશે?

(A) 147 (B) 147.5
(C) 148 (D) 148.5

18. One day, when I was going towards my boat, I was surprised ________ a footprint of a man on the sand.

(A) saw (B) show
(C) to see (D) showed

19. How many days would it ______ for the train to reach New Delhi?

(A) took (B) take
(C) will take (D) taken

20. સાહિત્યકાર અને તેમની કૃતિઓ વિષે નીચેનાં જોડકાં ધ્યાને લો:

| **સાહિત્યકાર** | **કૃતિઓ** |
|---|---|
| 1. ધ્રુવ ભટ્ટ | - અકુપાર, તત્ત્વમસિ , સમુદ્રાન્તિકે |
| 2. રાવજી પટેલ | - અશ્રુઘર, ઝંઝા, અંગત |
| 3. રઘુવીર ચૌધરી | - અમૃતા, ગોકુળ, વેળુ વત્સલા |
| 4. ચંદ્રકાંત બક્ષી | - પડઘા ડૂબી ગયા, પેરેલિસિસ |

ઉપરના જોડકાં પૈકી કયાં જોડકાં સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

21. નીચેના પૈકી 'વિજીત' શબ્દનો / ના સમાનાર્થી શબ્દ / શબ્દો કયો / કયા છે?

1. જિતાયેલું

2. હારેલું

3.વીજળી

4. દામિની

નીચેનાં વિકલ્પમાંથી પસંદ કરો.

(A) માત્ર 1

(B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 4

(D) માત્ર 3 અને 4

SPACE FOR ROUGH WORK

22. JNNURM યોજના નીચેનાં પૈકી શાને સંબંધિત છે?

(A) શહેરી રોજગાર

(B) ઔદ્યોગિક

(C) ગ્રામીણ રોજગાર

(D) શહેરી આંતર માળખું

23. રાજા રામમોહન રાય વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) તેઓએ ‘આત્મીય સભા’ની સ્થાપના કરી હતી.

(2) તેઓએ મૂર્તિપૂજાનો વિરોધ કર્યો હતો.

(3) તેઓએ હિન્દુ ધર્મનો ખ્રિસ્તી મિશનરીઓની ટીકાઓ સામે બચાવ કર્યો હતો.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2

(D) 1, 2 અને 3

24. ભારતના રાષ્ટ્રપતિની સત્તાઓ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો.

1. તેઓ રાજ્યપાલની નિમણૂક કરે છે.

2. તેઓ સેનાની ત્રણે પાંખના વડા છે.

3. તેઓ લોકસભાના સ્પીકરની નિમણૂક કરે છે.

4. તેઓ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક કરે છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 1, 3 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) ફક્ત 1, 2 અને 4

25. શહેરો અને તેમાંથી / તેની પાસેથી પસાર થતી નદીઓ વિષે નીચેનાં જોડકાં ધ્યાને લો:

| શહેર | નદી |
|---|---|
| 1. લખનૌ | – ગોમતી |
| 2. પટણા | – ગંગા |

3. હૈદરાબાદ – મુસી

4. મથુરા – યમુના

ઉપરના જોડકાં પૈકી કયાં જોડકાં સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

26. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP)ના નેજા હેઠળ સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ (Convention on the Conservation of Migratory Species of Wild Animals)ની પર્યાવરણલક્ષી સંધિ પરની 13મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP) નું આયોજન નીચેનાં પૈકી ક્યા શહેરમાં કરવામાં આવ્યું હતું?

(A) ગાંધીનગર (B) ગ્લાસગો

(C) પેરિસ (D) બોન

27. એક ગામની કુલ વસ્તી 1200 છે. સ્ત્રી અને પુરુષનું પ્રમાણ 5:3 હોય તો સ્ત્રીઓની સંખ્યા કેટલી?

(A) 350 (B) 450

(C) 550 (D) 750

28. One day the mother-in-law of a Santhal bridegroom _______ a special dish for him when he visited her.

(A) cook (B) cooked

(C) cooking (D) will cook

29. What _____ the dotted line on the map show?

(A) does (B) do

(C) is (D) was

30. "મોહે પનઘટ પર નંદલાલ છેડ ગયો રે" પ્રસિદ્ધ ગીતના કવિ કોણ છે?

(A) રઘુનાથ બ્રહ્મભટ્ટ (B) નરસિંહ મહેતા

(C) દયારામ (D) હરીન્દ્ર દવે

31. કહેવતો માટે જુદો પડતો વિકલ્પ પસંદ કરો.

[redacted](A) કડવું ઓસડ મા જ પાય – પારકી મા જ કાન વીંધે

(B) હાથના કર્યા હૈયે વાગે – ખાડો ખોદે તે પડે

**SPACE FOR ROUGH WORK**

(C) વગ ત્યાં પગ – વાડ વિના વેલો ના ચડે

(D) બોલ્યું વાયરે જાય , લખ્યું લેખે થાય – લખાણું એ વંચાણું

32. નીચેના પૈકી કયાં ભારતીય ખેલાડીઓએ ઓલિમ્પિક રમતોમાં ચંદ્રક/ચંદ્રકો જીત્યો/જીત્યા છે?

1. પી. ટી. ઉષા　　2. સાઇના નેહવાલ　　3. પી. વી. સિંધુ

4. મીરાંબાઈ ચાનુ　　5. નીરજ ચોપરા　　6. મેરી કોમ

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2, 4, 5 અને 6　　(B) માત્ર 2, 3, 4, 5 અને 6

(C) માત્ર 2, 3, 5 અને 6　　(D) 1, 2, 3, 4, 5 અને 6

33. જૈન ધર્મ વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) ચંદ્રગુપ્ત મૌર્યને કારણે જૈન ધર્મનો પ્રસાર કર્ણાટકમાં થયો.

(2) મગધના રાજા અશોકને કારણે જૈન ધર્મનો પ્રસાર રાજસ્થાનમાં થયો.

(3) કલિંગના રાજા ખારવેલને કારણે જૈન ધર્મનો પ્રસાર ઓડિશામાં થયો.

(4) પાટલીપુત્રમાં જૈન ધર્મ પરિષદ યોજાઇ હતી.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1　　(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 3 અને 4　　(D) 1, 2, 3 અને 4

34. પંચાયતી રાજ સંસ્થાઓ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) બંધારણના નવમા ભાગની જોગવાઇઓ બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં દર્શાવેલ રાજ્યોને લાગુ પડતી નથી.

(2) પંચાયતી રાજ સંસ્થાનું પાંચ વર્ષ પહેલાં વિસર્જન કરવામાં આવેલ હોય અને તેનો સમયગાળો પૂરો થવામાં 6 માસથી ઓછો સમય બાકી હોય તો તેની ચૂંટણી કરવી ફરજિયાત છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1　　(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બન્નેમાંથી એક પણ નહીં

35. ગુજરાતના ઐતિહાસિક સ્થળો અને તે કયાં જિલ્લામાં આવેલા છે તે વિષે નીચેનાં જોડકાં ધ્યાને લો:

| સ્થળ | જિલ્લો |
|---|---|
| 1.ધોળાવીરા | – કચ્છ |
| 2.લોથલ | – અમદાવાદ |
| 3.ધરાસણા | – નવસારી |
| 4.કુંભારિયાનાં દેરાં | – બનાસકાંઠા |
| 5. અડાલજની વાવ | – અમદાવાદ |

ઉપરના જોડકાં પૈકી કયાં જોડકાં સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 1, 2 અને 5

36. ISFR – 2021ના અહેવાલ મુજબ નીચેનાં રાજ્યોને વન આવરણ વિસ્તારના કુલ ક્ષેત્રફળ સંદર્ભમાં ચઢતા ક્રમમાં ગોઠવો.

(A) મધ્ય પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, મહારાષ્ટ્ર.

(B) અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા.

(C) મહારાષ્ટ્ર, ઓડિશા, છત્તીસગઢ, અરુણાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ.

(D) છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઓડિશા, મધ્ય પ્રદેશ, અરુણાચલ પ્રદેશ.

37. હીરાના એક વેપારી પાસે સરખી કિંમતના 500 હીરા છે. આ હીરાની કુલ કિંમત ₹5 કરોડ છે.જો તેમાંથી ₹50 લાખના હીરાની ચોરી થઈ જાય તો, તે વેપારી પાસે કેટલા હીરા બાકી રહેશે?

(A) 450 (B) 425

(C) 400 (D) 350

38. In the morning the hunter came to the tree and _________.

(A) climbing up (B) climb up

(C) to climb up (D) started climbing up

39. The words in the sentence below are jumbled.

I went the towards footprint large Rearrange the words to make a meaningful sentence and choose the correct answer from below where the words are in order.

M

(A) I large went towards the footprint.

(B) I went the footprint towards large.

(C) I went towards the large footprint.

(D) I went the large footprint towards.

SPACE FOR ROUGH WORK

40. કાવ્યપંક્તિ અને કવિ વિષે નીચેનાં જોડકાં ધ્યાને લો:

| કાવ્યપંક્તિ | કવિ |
|---|---|
| 1. મારી આંખે કંકુના સૂરજ | – રાવજી પટેલ |
| 2. લાગ્યો કસુંબીનો રંગ | – ઝવેરચંદ મેઘાણી |
| 3. ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યાં | – રમેશ પારેખ |
| 4. મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ | – દા. ખુ. બોટાદકર |

ઉપરના જોડકાં પૈકી કયાં જોડકાં સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

41. કહેવતો માટે જુદો પડતો વિકલ્પ પસંદ કરો.

(A) બહુ ડાહ્યો બહુ ખરડાય – ચેતતા નર સદા સુખી

(B) ખાધું ખભે આવે – ભૂખ્યું એને કાંઇ ન દુ:ખ્યું

(C) ઝાઝી સુયાણીએ વેતર વંઠે – એક હાથે તાળી ન પડે

(D) અતિ લોભ તે પાપનું મૂળ – લોભે લક્ષણ જાય

42. 2022માં રમાયેલ 36મો રાષ્ટ્રીય રમતોત્સવ નીચેનાં પૈકી કયાં શહેરોમાં યોજવામાં આવ્યો હતો?

1. ગાંધીનગર

2. સુરત

3. જામનગર

4. ભાવનગર

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 2, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

43. ભારતીય શિલ્પ, સ્થાપત્ય તથા ચિત્રકળા વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) ખજુરાહોમાં કંદારીયા મહાદેવ મંદિર આવેલ છે.

(2) પદ્મપાણિનું ચિત્ર અજંતાની ગુફાઓમાં આવેલ છે.

(3) કૈલાશ મંદિર ઇલોરામાં આવેલ છે.

(4) રથ મંદિરો મહાબલિપુરમમાં આવેલ છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 2 અને 3

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

44. નીચેનાં પૈકી શાની ચૂંટણી દર પાંચ વર્ષે કરવામાં આવે છે?

1. લોકસભા

2. રાજ્યસભા

3. વિધાનસભા

4. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2, અને 4

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

45. રાષ્ટ્રીય જળમાર્ગો વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) રાષ્ટ્રીય જળમાર્ગ 1 સાદિયાથી ધુબરી સુધી.

(2) રાષ્ટ્રીય જળમાર્ગ 2 હલ્દીયાથી અલ્હાબાદ સુધી.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બન્નેમાંથી એક પણ નહીં

46. M ગુજરાતની ભૂગોળની બાબતે નીચેનાં વિધાનો ધ્યાને લો:

SPACE FOR ROUGH WORK

1. India State of Forest Report – 2021ના અહેવાલ મુજબ ગુજરાતમાં વૃક્ષ આવરણનું ક્ષેત્રફળ રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના માત્ર 2.8 ટકા છે.

2. ગુજરાતમાં કુલ 8 કૃષિ આબોહવા ક્ષેત્રો (Agro-climatic Zones) છે.

3. ગુજરાતમાં કુલ પાંચ સિસ્મિક ઝોન છે.

4. રાજ્યના 8 કૃષિ આબોહવા ક્ષેત્રો (Agro-climatic Zones)માં સૌથી વધારે શુષ્ક ક્ષેત્ર (Arid Zone) સૌરાષ્ટ્રમાં છે.

ઉપરનાં વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4

47. અત્યારે બપોરના 12 વાગીને 30 મિનિટ થઈ હોય તો ત્રણ લાખ ત્રણ હજાર સેકન્ડ પછી કેટલા વાગ્યા હશે?

(A) સાંજના 7 વાગી ને 20 મિનિટ (B) રાત્રિના 11 વાગી ને 10 મિનિટ

(C) બપોરના 12 વાગી ને 50 મિનિટ (D) રાત્રીના 12 વાગી ને 40 મિનિટ.

48. _________ you ever been in trouble like him? Did _________ help you?

(A) was, no one (B) has, some one

(C) is, some one (D) have, any one

49. The words in the sentence below are jumbled.

Suddenly he into slipped fell water and Rearrange the words to make a meaningful sentence and choose the correct answer from below where the words are in order.

(A) Suddenly he slipped into water fell and.

(B) Suddenly he into water slipped and fell.

(C) Suddenly he slipped and fell into water.

(D) Suddenly he fell into water slipped and.

50. 'રેવા' ફિલ્મ કઈ નવલકથાને આધારે બનેલી છે?

(A) તત્વમસિ (B) નમામિ દેવી નર્મદે

(C) પરિક્રમા નર્મદા મૈયાની (D) જિગર અને અમી

51. 'આગળ અગવાડું ને પાછળ પછવાડું' આ કહેવતનો સાચો અર્થ પસંદ કરો.

(A) આગળ દુ:ખ હશે તો પછી સુખ આવશે

(B) આગળ પાછળ એકનું એક

(C) આજે અહીં તો કાલે ત્યાં

(D) નવું નવ દિવસ

52. નીચેનાં પૈકી કયા દેશોમાં ભારતીય ઉપખંડના મૂળની વ્યક્તિ વડાપ્રધાન અથવા નાયબ વડાપ્રધાનના હોદ્દા ઉપર ફરજ બજાવે છે?

1. યુ. એસ. એ.
2. યુનાઈટેડ કિંગડમ
3. આયરલેન્ડ
4. નેધરલેન્ડ

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 3 અને 4

(D) ફક્ત 1, 2 અને 3

53. સિંધુ સંસ્કૃતિ વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) સિંધુ સંસ્કૃતિનું બંદર ધોળાવીરા ગુજરાતમાં આવેલું છે.

(2) સિંધુ સંસ્કૃતિનું મથક કાલિબંગન રાજસ્થાનમાં આવેલું છે.

(3) મોહે- જો- દડોમાંથી પુરોહિતનું શિલ્પ મળી આવેલું છે.

(4) કાંસ્ય નર્તકીનું શિલ્પ હરપ્પામાંથી મળી આવેલું છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

54. પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણી અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) આ સંસ્થાઓની ચૂંટણી રાજ્ય ચૂંટણીપંચ દ્વારા યોજવામાં આવે છે.

(2) રાજ્ય ચૂંટણીપંચ ભારતના ચૂંટણીપંચના તાબા હેઠળ કામ કરે છે.

M ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

**SPACE FOR ROUGH WORK**

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બન્નેમાંથી એક પણ નહીં

55. અર્થતંત્ર વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજના દરો વધારવાથી ફુગાવો વધી શકે.

(2) કોવિડ જેવી મહામારીને કારણે ઉત્પાદન ઘટે તો ફુગાવો વધી શકે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બન્નેમાંથી એક પણ નહીં

56. GST કાઉન્સિલના સંદર્ભમાં નીચેનાં પૈકી ક્યાં વિધાનો સાચાં છે?

1. GST કાઉન્સિલ એક વૈધાનિક સંસ્થા છે.

2. GST કાઉન્સિલના અધ્યક્ષ તરીકે કેન્દ્રીય નાણામંત્રી હોય છે.

3. GST કાઉન્સિલની તમામ ભલામણો રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકાર માટે બંધનકર્તા છે.

4. રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કોઈ પણ મંત્રી GST કાઉન્સિલના સભ્ય હોઈ શકે છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

57. 20 મીટર પ્રતિ સેકન્ડની ઝડપે 720 કિલોમીટર અંતર કાપતાં કેટલો સમય લાગે?

(A) 36 કલાક

(B) 26 કલાક

(C) 16 કલાક

(D) 10 કલાક

58. Where is the child _________ parents have come to school?

(A) who

(B) whose

(C) whom

(D) which

59. She pushed off a leaf and let it ______ down.

(A) glide

(B) glided

(C) will glide (D) glode

60. નીચે આપેલાં વિધાનો વિષે સાચો વિકલ્પ પસંદ કરો.

1. એક ઉત્તમ ગ્રંથ જ, હારી ગયેલાં સ્ત્રી-પુરુષોને બેઠાં થવાનાં આંતરિક નિમિત્તો સંપડાવે છે.

2. એક ઉત્તમ ગ્રંથ જ, હારી ગયેલા સ્ત્રી-પુરુષોને બેઠાં થવાના આંતરિક નિમિત્તો સંપડાવે છે.

3. મારાં સ્વર્ગસ્થ મિત્રોમાં મનુબહેન મને ઘણા ગમતા હતા કેમકે બીજાં લોકોનાં સુખદુ:ખ તે જાણી લેતાં હતાં.

4. મારાં સ્વર્ગસ્થ મિત્રોમાં મનુબહેન મને ઘણાં ગમતાં હતાં કેમકે બીજાં લોકોનાં સુખદુ:ખ તે જાણી લેતાં હતાં.

(A) વિધાન 1 અને 3 સાચાં છે
(B) વિધાન 1 અને 4 સાચાં છે
(C) વિધાન 2 અને 4 સાચાં છે
(D) વિધાન 2 અને 3 સાચાં છે

61. નીચેનાં વિકલ્પોમાંથી કયાં વિકલ્પમાં બધી જોડણી સાચી છે?

(A) નીતિ, જિજીવિષા, કલ્પનાતિત

(B) જૂનું, જુનવાણી, જબરદસ્ત

(C) નહિવત, ભુલ, મિઠાઈ

(D) પ્રાસંગિક, પ્રમાણિક, ભુગોળ

62. રશિયા-યુક્રેન યુદ્ધને કારણે આ ભૂક્ષેત્ર સમાચારમાં છે. નીચેનાં પૈકી કયા દેશો યુક્રેનની સરહદે આવેલા છે?

1. બેલારુસ
2. એસ્ટોનિયા
3. પૉલેન્ડ
4. હંગેરી
5. ફિનલેન્ડ
6. રોમાનિયા

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2, 3 અને 5
(B) ફક્ત 2, 3, 4 અને 5
(C) ફક્ત 1, 3, 4 અને 6
(D) 1, 2, 3, 4, 5 અને 6

63. ગુજરાતનાં સ્થાપત્ય વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) સિદ્ધપુરમાં રુદ્રમહાલય સોલંકી કાળમાં બાંધવામાં આવ્યો હતો .

(2) ધોળકાનું મલાવ તળાવ સોલંકી કાળમાં બાંધવામાં આવ્યું હતું.

(3) મોઢેરાનું સૂર્યમંદિર સોલંકી કાળમાં બાંધવામાં આવ્યું હતું.

(4) પ્રદ્યુમનસૂરિ નામના જૈન મુનીએ પાલિતાણાના શેત્રુંજય ડુંગર ઉપર જૈન મંદિરો બંધાવ્યા હતાં.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3

**SPACE FOR ROUGH WORK**

(B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 3 અને 4

(D) 1, 2, 3 અને 4

64. રાજ્યપાલની સત્તાઓ વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) રાજ્યપાલ રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક કરે છે.

(2) રાજ્યપાલ રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષની નિમણૂક કરે છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બન્નેમાંથી એક પણ નહીં

65. GDP (Nominal Rate) - સકલ ઘરેલુ ઉત્પાદ (સામાન્ય દર)ને આધારે ભારતના વિશ્વમાં સ્થાન અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) GDP (Nominal Rate) - સકલ ઘરેલુ ઉત્પાદ (સામાન્ય દર)ને આધારે અત્યારે ભારતનું સ્થાન વિશ્વમાં પાંચમા ક્રમે છે.

(2) ભારત આઝાદ થયું ત્યારે GDP (Nominal Rate) - સકલ ઘરેલુ ઉત્પાદ (સામાન્ય દર)ને આધારે તેનું સ્થાન છઠ્ઠા ક્રમે હતું.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બન્નેમાંથી એક પણ નહીં

66. ગ્રીન હાઇડ્રોજનના સંદર્ભમાં નીચેનાં વિધાનો ચકાસો.

1. કાર્બનની તીવ્રતા ઘટાડવા અને અશ્મિભૂત ઇંધણનો ઉપયોગ ઘટાડવા ભારત સરકારે ગ્રીન હાઇડ્રોજન મિશન માટે 2023-24ના બજેટમાં ફાળવણી કરી છે.

2.
2030 સુધીમાં પાંચ મિલિયન ટન ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે? **M**

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બન્નેમાંથી એક પણ નહીં

67. કોલેજના પ્રવાસમાં 40 વિદ્યાર્થીઓ અને 60 વિદ્યાર્થિનીઓ ભાગ લે છે. પ્રવાસનો માથાદીઠ ખર્ચ રૂ. 1200 થાય છે. વિદ્યાર્થિનીઓને ખર્ચમાં 40% છૂટ આપવાનો અને છૂટનો ખર્ચ વિદ્યાર્થીઓ વચ્ચે સરખે ભાગે વહેંચી લેવાનો હોય તો દરેક વિદ્યાર્થીએ કેટલો ખર્ચ ચૂકવવાનો થાય?

(A) રૂ. 1700

(B) રૂ. 1850

(C) રૂ. 1920

(D) રૂ. 1950

68. The old lady _________ I met in your house is my neighbour.

(A) who

(B) whose

(C) whom

(D) that

69. How do you think the ant felt on ____ a leaf?

(A) wet

(B) dry

(C) finding

(D) see

70. 'ક્ષુતૃષા' શબ્દ માટે સંધિવિગ્રહનો સાચો વિકલ્પ પસંદ કરો:

(A) ક્ષુ + તૃષા

(B) ક્ષુધા + તૃષા

(C) ક્ષુધ + તૃષા

(D) ક્ષુધ્ + તૃષા

71. જુદા પડતા વાક્યનો વિકલ્પ પસંદ કરો.

(A) ખોટું બોલ મા.

(B) મને સાંભરે મા.

(C) રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા રે.

(D) અસત્યને પંથે જજે મા.

72. ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ કોણ છે?

(A) ન્યાયમૂર્તિ દીપક મિશ્રા

(B) ન્યાયમૂર્તિ અરુણ મિશ્રા

(C) ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ

(D) ન્યાયમૂર્તિ તરુણ ગોગોઈ

73. Mજા અને વંશ વિષે નીચેનાં જોડકાં ધ્યાને લો:

SPACE FOR ROUGH WORK

| રાજા | – | વંશ |
|---|---|---|
| 1. કનિષ્ક | – | કુષાણ |
| 2. રુદ્રદમન | – | શક |
| 3. દંતીદુર્ગ | – | રાષ્ટ્રકૂટ |
| 4. કડફીસસ | – | કુષાણ |

ઉપરના જોડકાં પૈકી કયાં જોડકાં સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2, 3 અને 4

74. પંચાયતી રાજ વિષે નીચેનાં વિધાનો ધ્યાને લો:

(1) પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણી દર પાંચ વર્ષે કરવામાં આવે છે.

(2) કોઈ પંચાયતી રાજ સંસ્થાનું તેની નિયત મુદ્દત પૂર્ણ થવાના બે વર્ષ પહેલાં વિસર્જન કરવામાં આવે તો વિસર્જનની તારીખથી છ માસની અંદર ચૂંટણી કરવી ફરજિયાત છે.

ઉપરના વિધાનો પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બન્નેમાંથી એક પણ નહીં

75. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર કોણ છે?

(A) શક્તિકાન્તા દાસ
(B) વિરલ ઉપાધ્યાય
(C) ઊર્જિત પટેલ
(D) રઘુરામ રાજન

76. ગુજરાત બજેટ 2023-24 બાબતે નીચેનાં વિધાનો ચકાસો.

1. આ બજેટમાં આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે 'મુખ્યમંત્રી આદિમ જાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના'ની જાહેરાત કરવામાં આવી છે.

2. આ બજેટમાં બાંધકામ કામદારોના કલ્યાણ માટે 'મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના' જેવી નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

3. આ બજેટમાં PMJAY-MA હેઠળ પરિવાર દીઠ વાર્ષિક વીમા કવચ મર્યાદા 5,00,000થી વધારીને 10,00,000 કરવાની જાહેરાત થઈ છે.

4. આ બજેટમાં નાણામંત્રીએ ગુજરાતનાં કુલ વીજઉત્પાદનમાં રિન્યુએબલ એનર્જીનું યોગદાન વધારીને 42% કરવાની જાહેરાત કરી છે.

ઉપરના વિધાનો પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2, 3 અને 4

77. એક વેપારી ₹50,000ની વસ્તુ 10 ટકા નફો કરી અને ₹1 લાખની વસ્તુ 4 ટકા ખોટ કરીને વેચે છે, તો તેને.

(A) 0.67 ટકા નફો થશે
(B) 0.87 ટકા નફો થશે
(C) 0.67 ટકા ખોટ થશે
(D) 0.87 ટકા ખોટ થશે

78. Why _________ Abha live in the orphanage?

(A) is
(B) do
(C) has
(D) did

79. He ____ a small creeper at the foot of the tree.

(A) see
(B) show
(C) notice
(D) noticed

80. જોડણીનો અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ડોશી, બચાઉ
(B) ડોસી, બચાવ
(C) ફુલ, સૂરાવલિ
(D) ફૂલ, ફુલ્લ

81. નીચેના પૈકી શુદ્ધ વાક્યનો વિકલ્પ પસંદ કરો.

(A) ગાડીમાં અનાજ ભરાય રહ્યું હતું.
(B) વિદ્યાર્થીનું એકમાત્ર લક્ષ્ય હોય છે – ઉત્તમ અભ્યાસ.
(C) તમે મા સારું કામ તો સારુ કરો.
(D) મારે હૈયે શું આનંદ ઉમટ્યો છે!

82. નીચેનાં દેશો પૈકી કયા દેશોનો સમાવેશ જી-20 દેશોમાં થાય છે?

1. ફ્રાંસ 2. ભારત 3. ચીન

4. રશિયા 5. દક્ષિણ કોરિયા 6. દક્ષિણ આફ્રિકા

SPACE FOR ROUGH WORK

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 3, 5 અને 6
(C) ફક્ત 1, 2, 4, 5 અને 6
(D) 1, 2, 3, 4, 5 અને 6

83. મહાત્મા ગાંધીની આત્મકથા 'સત્યના પ્રયોગો' નો અંગ્રેજી અનુવાદ કોણે કર્યો હતો ?

(A) જવાહરલાલ નેહરુ
(B) સરદાર પટેલ
(C) મહાદેવભાઇ દેસાઇ
(D) ભુલાભાઈ દેસાઇ

84. રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ કઈ તારીખે ઉજવવામાં આવે છે?

(A) 21 ફેબ્રુઆરી
(B) 21 એપ્રિલ
(C) 21 જૂન
(D) 24 એપ્રિલ

85. આર્થિક સર્વેક્ષણ કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે?

(A) નાણાં પ્રધાન
(B) નાણાં સચિવ
(C) નાણાં સલાહકાર
(D) નીતિ આયોગના અધ્યક્ષ

86. ગ્રહોની સંખ્યા ગણવા કયાં એકમનો ઉપયોગ થાય છે?

(A) મીટર
(B) કિલોમીટર
(C) પ્રકાશવર્ષ
(D) ઉપરમાંથી એક પણ નહીં

87. 15 વ્યક્તિના જૂથમાં 7 વ્યક્તિ ગુજરાતી વાંચી શકે છે અને 8 વ્યક્તિ મરાઠી વાંચી શકે છે, જ્યારે 3 વ્યક્તિ બંનેમાંથી એક પણ ભાષા વાંચી શકતી નથી તો કેટલી વ્યક્તિ બંને પૈકી કોઈ એક જ ભાષા વાંચી શકતી હશે?

(A) 3 (B) 6 (C) 9 (D) 12

88. Shh! The baby is _________. Don't make sound, or she will _________.

(A) sleep, wake up
(B) sleeping, wake up
(C) to sleep, wake up
(D) sleeping, waking up

M

89. What happened when you ____ do as they asked you to do?

(A) didn't
(B) doesn't
(C) does not
(D) have

90. માત્ર દ્વિગુ સમાસ દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

(A) બેચાર, નવરાત્રી, પંચાંગ
(B) સપ્તાહ, ચતુરંગ, ચતુરાઇ
(C) ત્રિલોક, પંચબાણ, પંચાશ
(D) ષડંગ, સપ્તાદ્રિ, દ્વિગુણ

91. નીચે આપેલા સ્વર અને વ્યંજન માટે ક્રમની રીતે અયોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ત થ દ ધ
(B) ફ બ ભ મ
(C) ડ ઢ ણ ત
(D) ઉ ઊ એ ઓ

92. વર્ષ 2022ની શાંઘાઇ કો-ઓપરેટિવ ઓર્ગેનાઇજેશનની શિખર બેઠક કયાં શહેરમાં યોજવામાં આવી હતી ?

(A) સમરકંદ
(B) નવી દિલ્હી
(C) શાંઘાઇ
(D) દુશાન્બે

93. જોડકાં જોડો.

| સાંધાનો પ્રકાર | શરીરના કયા ભાગમાં આવેલ છે |
|---|---|
| 1. મિજાગરા સાંધો | ક. ખોપરીના હાડકાં વચ્ચેનો સાંધો |
| 2. ખલ- દસ્તો સાંધો | ખ. ઘૂંટણનો સાંધો |
| 3. ઉખળી સાંધો | ગ. નિતંબ તથા સાથળના હાડકાં વચ્ચેનો સાંધો |
| 4. અચલ સાંધો | ઘ. ગરદન તથા માથાને જોડતો સાંધો |

સાંધાનો પ્રકાર શરીરના કયા ભાગમાં આવેલ છે તેને જોડતાં નીચેના જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) 1-ઘ, 2-ક, 3-ખ, 4-ગ
(B) 1-ક, 2-ખ, 3-ઘ, 4-ગ
(C) 1-ક, 2-ઘ, 3-ખ, 4-ગ
(D) 1-ખ , 2-ગ , 3-ઘ , 4-ક

94. જોડકાં જોડો.

મૂળભૂત અધિકારો — અનુચ્છેદ

SPACE FOR ROUGH WORK

1. સમાનતાનો અધિકાર — ક. અનુચ્છેદ 14

2. બંધારણીય ઉપાયોનો અધિકાર — ખ. અનુચ્છેદ 21

3. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર — ગ. અનુચ્છેદ 21A

4. શિક્ષણનો અધિકાર — ઘ. અનુચ્છેદ 32

મૂળભૂત અધિકારો અને તેના અનુચ્છેદને જોડતાં નીચેનાં જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) 1-ઘ, 2-ક, 3-ખ, 4-ગ
(B) 1-ક, 2-ખ, 3-ઘ, 4-ગ
(C) 1-ક, 2-ઘ, 3-ખ, 4-ગ
(D) 1-ક, 2-ઘ, 3-ગ, 4-ખ

95. સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં આપેલ ચુકાદા મુજબ ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કોની ભલામણથી કરવાની થાય છે?

(A) મંત્રી મંડળ
(B) વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને કાયદા પ્રધાનની બનેલી સમિતિ
(C) વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને ગૃહ પ્રધાનની બનેલી સમિતિ
(D) વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિની બનેલી સમિતિ

96. વિટામિન તથા ખનીજ ઘટકની ત્રુટિને કારણે થતાં રોગો / વિકૃતિ અંગે જોડકા જોડો.

| વિટામિન | ખનીજ ઘટક રોગો/વિકૃતિ |
|---|---|
| 1. વિટામિન ડી | ક . હાડકાં અને દાંતનો કહોવાટ |
| 2. કેલ્શિયમ | ખ. ગલગંડ (ગોઈટર) |
| 3. આયોડિન | ગ. પાંડુ રોગ |
| 4. લોહતત્ત્વ | ઘ. સુકતાન |

વિટામિન તથા ખનીજ ઘટકની ત્રુટિને કારણે થતાં રોગો / વિકૃતિને જોડતાં નીચેનાં જવાબો પૈકી સાચો જવાબ પસંદ કરો.

(A) 1-ઘ, 2-ક, 3-ગ, 4-ખ
(B) 1-ઘ, 2-ગ, 3-ક, 4-ખ
(C) 1-ઘ, 2-ક, 3-ખ, 4-ગ
(D) 1-ક, 2-ઘ, 3-ખ, 4-ગ

97. 100 વિદ્યાર્થીઓના સરેરાશ ગુણ 40 છે. પાછળથી ખબર પડી કે એક વિદ્યાર્થીના ગુણ 63 હતા, પરંતુ ભૂલથી [redacted]ધ્યાને લેવામાં આવ્યા હતા તો સાચા સરેરાશ ગુણ કેટલા હશે?

(A) 39 (B) 39.5

(C) 39.7 (D) 39.8

98. The tourist were _________ to see the beautiful lake.

(A) amazing (B) amazed

(C) too amaze (D) to amaze

99. "Don't you____ ?," replied the wise bird.

(A) saw (B) see

(C) has seen (D) to see

100. નીચે આપેલાં ઉદાહરણોમાં જુદા પડતાં ઉદાહરણના અલંકારનો પ્રકાર જણાવો.

1. કતારગામની પાપડી જેવી આંખ્યું આ અણીયાળી

2. તું વલસાડી હાફૂસ જેવી .. ચોરવાડની કેસર કેરી

3. જીભ તારી મરચું ગોંડલ શી બોલે તીખું તમતમ

4. તું ગરમ મસાલેદાર ખાટીમીઠી વાનગી

(A) રૂપક (B) સજીવારોપણ

(C) ઉત્પ્રેક્ષા (D) ઉપમા

SPACE FOR ROUGH WORK

SPACE FOR ROUGH WORK

M

## SPACE FOR ROUGH WORK

[
P
J